# આગામી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ૧૪મીએ યોગ નિદર્શન કાર્યક્રમ યોજાશે

## ભારતીય સંસ્કૃતિની અમોલ દેન એવા યોગ નિદર્શનમાં લોકો જોડાય તેવી અપીલ

ગાંધીનગર, તા. ૨૪

આગામી સ્વાતંત્ર્ય પર્વ તા.૧૫મી ઓગષ્ટ ૨૦૧૫ની ઉજવણીના ભાગરૂપે જયાં ધ્વજવંદન કરવામાં આવનાર છે તેવા સ્થળોએ તા. ૧૪મી ઓગષ્ટના રોજ સમગ્ર રાજયમાં ધ્વંજ વંદનના સમયે યોગ નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃત્તિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સમાવવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે પ્રતિ વર્ષે ૨૧મી જુનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું કાર્યક્રમનું આયોજન કર્યુ છે. તા. ૨૧મી જૂન ૨૦૧૫ વિશ્વ યોગ દિન નિમિતે સમગ્ર વિશ્વને યોગનું દર્શન-નિદર્શન કરી તેનો સાક્ષાત્કાર કરાવવામાં ભારત અગ્રેસર રહયુ છે.

યોગથી શારીરિક ફિટનેસ મળે છે. તે અનેક બીમારીઓ સામે બચાવ કરે છે અને શરીરને ચુસ્ત-તંદુરસ્ત અને સુંદર રાખે છે. યોગ કરવાથી વહેલા વૃદ્ધત્વનો સામનો કરવો પડતો નથી, યાદશક્તિ સારી રહે છે, મગજ પણ ઝડપથી કામ કરે છે. આ સિવાય ડિપ્રેશન જેવી બીમારીઓથી પણ બચી જવાય છે. યોગ અને ધ્યાનથી જીવન તણાવમુક્ત થાય છે, ચિંતાઓ દૂર થાય છે. રાજયનો પ્રત્યેક નાગરિક પોતાના તનમનની તંદુરસ્તી માટે ઉપયોગી અને ભારતીય સંસ્કૃતિની અમોલ દેન એવા યોગના કાર્યક્રમમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિતે લોકો જોડાય તેવી અપીલ કરવામાં આવી છે.

## સરકારી પોલિટેકનીક કોલેજની હોસ્ટેલના

# વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા એનએસયુઆઈની માંગ

### છતમાંથી પોપડા ખરતા આચાર્યએ હોસ્ટેલ ખાલી કરવાની નોટીસ આપી : એનએસયુઆઈએ આવેદનપત્ર આપી ત્રણ દિવસમાં કોલેજની તમામ સમસ્યાઓ ઉકેલવા માંગ કરી : ત્રણ દિવસમાં ઉકેલ નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની સેક્ટર-૨૬ ખાતે સરકારી પોલિટેકનીક કોલેજમાં હોસ્ટેલની છતમાંથી પોપડા ખરવાને



કારણે કોલેજના પ્રિન્સિપાલે હોસ્ટેલ ખાલી કરવાની વિદ્યાર્થીઓને નોટીસ આપી છે. આ બાબતે વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવા તથા કોલેજમાં વિદ્યાર્થીઓના અન્ય પ્રશ્નોને સત્વરે ઉકેલવા એનએસયુઆઈ દ્વારા આવેદનપત્ર આપી સત્વરે ઉકેલ લાવવા માંગ કરાઈ છે. આ આવેદનપત્રમાં ત્રણ દિવસની અંદર વિદ્યાર્થીઓની સમસ્યાઓનો ઉકેલ નહીં આવે તો એનએસયુઆઈ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

સરકારી પોલિટેકનીક કોલેજમાં વર્ષોથી હોસ્ટેલ વિવાદીત રહી છે. માત્ર એક વર્ષ પહેલા જ આખી કોલેજનું રીનોવેશન કરવામાં આવ્યું હતું. પરંતુ હાલ હોસ્ટેલની છતમાંથી પોપડા પડી રહ્યાં છે. ત્યારે આચાર્યએ હોસ્ટેલને ખાલી કરવાની નોટીસ આપી છે પરંતુ ચાલુ સત્રે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ ક્યાં રહેવા જાય તે અંગે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ નથી કરવામાં આવી. આ ઉપરાંત તાજેતરમાં કોલેજની કેન્ટિનમાં મળતો ખોરાક ખાઈને બિમાર પડેલ વિદ્યાર્થીનું કરૂણ મોત થવા છતાં નૈભિકતાના ધોરણે કોલેજમાં બે મિનિટનું મૌન પાળવામાં કે એક દિવસની રજા પણ પાળવામાં આવી નથી. કેન્ટિન પણ માત્ર બે દિવસ બંધ રાખી યથાવત ચાલુ કરાઈ દેવાઈ છે.

પોલિટેકનીક કોલેજના મેઈન બિલ્ડીંગના ત્રીજા માળના વર્ગખંડોમાં વરસાદ દરમ્યાન પાણી ભરાઈ રહે છે જેથી પાણીથી ભરેલા વર્ગખંડમાં વિદ્યાર્થીઓએ અભ્યાસ કરવો પડે છે. કોલેજમાં પૂરતો સ્ટાફ નથી તેમજ જે સ્ટાફ છે તે સમયસર નોકરી આવતો નથી તેથી વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર પડી રહી છે છતાં કોલેજનું બાયોમેટ્રિક મશીન ઉપયોગમાં લેવાતુ



નથી. આચાર્યની સરકારી ગાડીનો ડ્રાઈવર સિક્યુરીટી ઓફિસમાં પણ કાર્યરત છે અને વિદ્યાર્થીઓને ખોટો દમ માર્યા કરે છે. એનએસયુઆઈ દ્વારા સિક્યુરીટી સ્ટાફની બદલી કરી મહિલા સિક્યુરીટીનો ઉમેરો કરવા માંગ કરાઈ છે.

આ સાથે હોસ્ટેલના વિદ્યાર્થીઓને શાખાના અન્ય બિલ્ડીંગમાં અથવા અન્ય બિલ્ડીંગમાં અથવા અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગ સાથે વિદ્યાર્થીઓની ભૂલ માટે પાવતી આપ્યા વગર મોટી રકમના વસુલાતા દંડ બાબતે પણ એનએસયુઆઈએ દિન ત્રણમાં ખુલાસો માંગ્યો છે. જો ત્રણ દિવસમાં તમામ સમસ્યાનો ઉકેલ નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

## હરિની દૃષ્ટિ...




**આ લોકોએ ભેગા મળી શિક્ષણની 'ઘોર' ખોદી છે... આપણે સંસ્થાઓએ ભેગા મળી 'ઘોર પૂરવા'ની છે... !!**

# સી.એમ. હાઈસ્કૂલમાં વાલી વિદ્યાર્થીઓની સહચિંતન શિબિર

ગાંધીનગર, તા. ૨૪

શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ગાંધીનગરમાં ધો. ૯ના વિદ્યાર્થીઓ-વાલીઓ સાથે સહચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં ૨૦૦ વાલીઓ હાજર રહ્યા હતા.

સહચિંતન શિબિરમાં વિદ્યાર્થીઓને વિષય પ્રમાણે દરેક વિષયમાં પરીક્ષાલક્ષી માર્ગદર્શન, ગુણવત્તા સુધારણા માટેના શાળાના પ્રયત્નો શાળાના ધો. ૧૦-૧૨ના પરિણામો, પરીક્ષાલક્ષી સુચનો અંગે વિગતવાર માર્ગદર્શન શ્રી બચુભાઈ પટેલે આપ્યું હતું. મહેમાન ડૉ. વિણાબેન પટેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો ઈતિહાસ તથા વિવિધ અભ્યાસક્રમોની માહિતી આપી હતી. બધા વાલીઓએ ગુણવત્તા સુધારણાના પ્રયત્નોને બિરદાવ્યા હતા.

શિક્ષકશ્રી હસમુખભાઈ પટેલ, શ્રી મહેશભાઈ ખોરસ્મા, શ્રી બિપીનભાઈ ડામોર, શ્રી રમેશભાઈ કે. ચૌહાણ, શ્રીમતી શારદાબેન ચોથાણી, શ્રીમતી કાંતાબેન ચૌધરી, શ્રીમતી પ્રિયાંગીનીબેન કટારાએ માર્ગદર્શન આપ્યું હતું. સુપરવાઈઝર શ્રી હરિભાઈ પટેલ, શ્રી પ્રહલાદભાઈ પટેલે સફળ આયોજન કર્યુ હતું. શ્રીમતી શારદાબેન ચૌથાણીએ સંચાલન કર્યું હતું. શ્રી પ્રહલાદભાઈ પટેલે આભારદર્શન કર્યું હતું.

# સ્વામિ વિવેકાનંદ પરિવ્રાજકે જીઆઈપીએસની મુલાકાત લીધી

રાંધેજા સ્થિત ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલની રોજડ આશ્રમ નિવાસી શ્રી સ્વામી વિવેકાનંદ પરીવ્રાજકે મુલાકાત લીધી હતી. દિલ્હી યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલ અને નેપાળ, યુકે વગેરે દેશોમાં પ્રવાસ કરીને જીવનપધ્ધતિ અને ડીસીપ્લીન વિષય પર વકતવ્ય પુરું પાડતા સ્વામિજીએ આજે શાળાના બાળકોને જ્ઞાન આપ્યું હતું. વિદ્યાર્થીઓને સારી અને ખરાબ બાબતોનો તફાવત સમજાવ્યો હતો તેમજ જીંદગી બદલવા ગાયત્રી મંત્રના જાપનું સૂચન કર્યું હતું. જીવન પધ્ધતિ અને ડીસીપ્લીન જીવનમાં કેટલું ઉપયોગી સાબિત થાય છે તેનું વિશેષ મહત્વ સમજાવ્યું હતું.



(તસવીર : નટુભાઈ પટેલ)

## વિદ્યાર્થીનીઓને સ્વ-રક્ષણ તાલીમ આપવામાં આવી

ગાંધીનગર શહેર સે. ૨૩ સ્થિત ઉમાબા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ ખાતે ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને કોલેજના સંયુક્ત ઉપક્રમે મહિલા સેલ્ફ ડિફેન્સ વિષે કાનૂની માર્ગદર્શન અંગે શિબિરનું આયોજન કર્યું હતું. આ શિબિરમાં વક્તા અને માર્ગદર્શક તરીકે કે.એમ. જોસેફ પી.આઈ. સે. ૭ ગાંધીનગર તથા સેલ્ફ ડીફેન્સ ટ્રેઈનર પ્રજ્ઞેશભાઈ મેસરીયા દ્વારા કોલેજની વિદ્યાર્થીનીઓને સદષ્ટાંત સેલ્ફ ડિફેન્સ અંગે માહિતીગાર કર્યા હતા. શિબિરમાં પ્રા. જ્યોતિબેન પંચાલ, પ્રા. ફાલ્ગુનીબેન પટેલ, પી.એલ.વી. તરીકે વિમળાબેન આચાર્યા, સુધીર દેસાઈ, સીતારામ પટેલ, જયરામભાઈ સોની, જીગીષાબેન, રાજુબાઈ ગજ્જર તથા નટુભાઈ પટેલ વગેરે હાજર રહી કાર્યક્રમને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ રવિવારે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સભ્યોના પૌત્ર-પૌત્રીઓ કે જેઓ ધોરણ-૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે તેવા તેજસ્વી તારલાઓનું તા. ૨૬મી જુલાઈના બપોરે ૩.૦૦ વાગે સંસ્કાર હોલ કડી શિક્ષણ સંકુલ સેક્ટર-૨૩માં જાહેર સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. વાલીઓને જણાવવામાં આવે છે કે કાર્યક્રમના અડધો કલાક પહેલા વિદ્યાર્થી સાથે આમંત્રણ સહિત ઉપસ્થિત રહેવા વિનંતી છે. ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સભ્યોએ પણ હાજર રહેવા પ્રવર મંત્રીશ્રી ડી. પી. સંઘાણીએ જણાવેલ છે.

# સ્પેનના પ્રતિનિધિ મંડળે સેંટ ઝેવિયર્સ સ્કુલની મુલાકાત લીધી

## શાળાના શિક્ષકો સાથે વિવિધ વિષયો પર વાર્તાલાપ કર્યો



ગાંધીનગર, તા. ૨૪

સ્પેનના પ્રતિનિધિ મંડળે આજે સે-૮ સ્થિત સેંટ ઝેવિયર્સ સ્કુલની મુલાકાત લીધી હતી. શાળા પરિવારે ગુજરાતની સંસ્કૃતિ મુજબ કંકુ તિલક કરી સ્વાગત કર્યું હતું. શાળાના શિક્ષકો સાથે વાર્તાલાપ યોજયો હતો.

ગુજરાતની સંસ્કૃતિને દુનિયાના લોકો સલામી આપે છે. રાજયના પાટનગરની દેશ અને દુનિયામાં અલગ જ છાપ ઉભી થઈ છે. દુનિયાના લોકો ગુજરાતના દર્શને પધારે છે. આજે શુક્રવારે સ્પેનના પ્રતિનિધિ મંડળે સેકટર-૮માં આવેલ સેંટ ઝેવિયર્સ શાળાની મુલાકાત કરી હતી. સ્પેનથી પધારેલા દસ શિક્ષકોને શાળા પરિવાર દ્વારા આવકારવામાં આવ્યા હતા. ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો શાળામાં યોજાયા હતા.

સ્પેનનુંપ્રતિનિધિ મંડળ સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી ગદગદીત થઈ ઉઠયું હતું. ત્યારબાદ શિક્ષકો સાથે બેઠક યોજી શાળાની કાર્યશૈલીથી વાકેફ થયા હતા. શિક્ષણ વિષય પર ચર્ચા કરી



આપ-લે કરી હતી. શાળાના ફાધર પિન્ટો દ્વારા દસે દસ પ્રતિનિધિને સ્મૃતિ રૂપે મોમેન્ટો ભેટ આપવામાં આવ્યો હતો.

ગુજરાતની રસોઈની સોડમ દુનિયાભરમાં જાણીતી છે. ત્યારે ગાંધીનગરની અગ્રણી હોટલમાં ગુજરાતી ભાણુ પીરસવામાં આવ્યું હતું. ગુજરાતની દાળ, શાક, દહીં, ઢોકળા ખાઈને રસોઈના ભરપેટ વખાણ કર્યા હતા. આ પૂર્વ હોટલમાં પ્રવેશતા શરણાઈ અને ઢોલ વગાડી વિદેશી મહેમાનોનું હોટલના સ્ટાફ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

## ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની અન્ડર-૧૭ની ટીમ હોકી સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૪

જિલ્લાકક્ષાની અન્ડર-૧૭ જવાહરલાલ જુનીયર હોકી સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ પ્રથમ નંબરે વિજેતા બનેલ હતી. ચૌધરી કાજલ, ચૌધરી પિન્કલ, ચૌધરી આકાંક્ષા, ચૌધરી અંજલી, ચૌધરી નીતા, દેસાઈ મુસ્કાન, ચૌધરી દૃષ્ટિ, પાલ પ્રિતિ, પંડ્યા કિંજલ, ચૌધરી ધરતી, બિહોલા શ્રદ્ધા, નાઈ જીનલ, ચૌધરી જલ્પા, ચૌધરી કાજલ આર., ચાવડા જહાન્વી, ગોસ્વામી ઈતિક્ષા.

વ્યાયામ શિક્ષિકા શ્રીમતી વિનાશ્રીબેન, ચૌધરી લીલાબેન તથા શાળા પરિવાર અને આચાર્યા શ્રી સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવેલ છે.

# જિલ્લાકક્ષાની રસ્સાખેંચ અને રાયફલ શુટીંગ સ્પર્ધામાં બાલવા હાઈસ્કૂલ પ્રથમ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના બાલવા સ્થિત શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ ખાતે જિલ્લાકક્ષાની રસ્સાખેંચ અને રાયફલ શુટીંગ સ્પર્ધાયોજાઈ હતી. જેમાં યજમાન શાળાના વિદ્યાર્થીઓએ બાઝી મારી હતી. આ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે.

જિલ્લાના બાલવા ગામમાં આવેલ સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં જિલ્લાકક્ષાની સ્પર્ધાઓ યોજાઈ રહી છે. ત્યારે બાલવા શાળાના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહથી વિવિધ રમતોમાં ભાગ લીધો છે. રસ્સા ખેંચ સ્પર્ધામાં અંડર-૧૯ ભાઈઓમાં સાવન ચૌધરી, નાગેશ રબારી, ઉપેશ ચૌધરી, સચિન દંતાણી, અનિલ ઠાકોર, અજય રાવળ, કાર્તિક ચૌધરી, રવિ ચૌધરી અને જશ પટેલે વિજેતા બન્યા હતા.

અંડર-૧૯ રસ્સાખેંચ બહેનોમાં સૃષ્ટિ ચૌધરી, કાજલ ભાટી, જાગૃતિ પરમાર, ધરતી દવે, જાનવી ત્રિવેદી, વિશાખા ભાટી, અંકિતા ઠાકોર, સુરેખા ઠાકોર અને કોમલ રાવલ વિજેતા બની હતી. જિલ્લાકક્ષાની રાયફલ સ્પર્ધા અંડર-૧૭માં જશ પટેલ, સ્મિથ ચૌધરી, સુમિત ચૌધરી, હર્ષ ચૌધરી, અંડર-૧૯માં જનક ચૌધરી, રવિ ચૌધરી, જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. બન્ને ટીમના ખેલાડીઓ રાજ્યકક્ષાએ ગાંધીનગર ગ્રામ્ય જિલ્લાનું નેતૃત્વ કરી રાજ્યકક્ષાએ ભાગ લેશે. તમામ ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક શૈલેષ પટેલે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રીમતી એમ.બી. પટેલ કન્યા શાળાની ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓએ એમ.એસ.સી. બાયો ટેકનોલોજી વિભાગની શૈક્ષણિક મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા શાળાની ધો-૮ની ૩૫૦ વિદ્યાર્થીનીઓએ કેમ્પસમાં ચાલતા ઉચ્ચ શિક્ષણ સંકુલમાં આવેલ એમ.એસ.સી. બાયો ટેકનોલોજી વિભાગની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીનીઓએ તેમના વિજ્ઞાન વિષયક અભ્યાસક્રમને ધ્યાનમાં લઈ નેટહાઉસ, મશરૂમ ઉછેર, ફુગ, બેકટેરીયા પાડવાનું મશીન, સુક્ષ્મ દર્શક યંત્ર, વાઈરસ જીવાણું, બેકટેરીયા વિગેરેની સ્લાઈડનો અભ્યાસ કરીને વધારે માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીની બહેનોને માર્ગદર્શન માટે વિભાગીય વડા શર્મા, બુશરા મેડમ તથા પી.જી.ની વિદ્યાર્થીની બહેનોએ જહેમત કરી હતી. સમગ્ર મુલાકાતનું આયોજન શાળાના વિજ્ઞાન શિક્ષક ચંદ્રકાન્તભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ૧૦, ૧૨ની પૂરક પરીક્ષાની રિઝલ્ટ આજે જાહેર કરાશે

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨મી પુરક પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરીણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે. જો કે આ પરીણામ બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરવાની જગ્યાએ વિદ્યાર્થીઓને સીધી માર્કશીટ ફાળવી દેવામાં આવશે.સાથે જ વિદ્યાર્થીઓ ૫ ઓગસ્ટ સુધી ગુણ ચકાસણી માટે અરજી કરી શકશે.

ધોરણ-૧૦ અમે ૧૨ની બોર્ડની પરીક્ષામાં એક અથવા બે વિષયમાં નપાસ થનાર વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૮ જુલાઈથી પુરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પુરક પરીક્ષામાં ધોરણ-૧૦નાં ૪૫ હજાર અને ધોરણ-૧૨નાં ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પુરક પરીક્ષા લીધા બાદ વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે જ અન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ આપી શકાય તેવા ઉદેશ્ય સાથે તત્કાલીક ઉત્તરવહીઓ ચકાસીને પરીણામ તૈયાર કરી દેવામાં આવ્યું છે. ત્યારે આવતીકાલે આ પુરક પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવશે.



## જયપ્રકાશ વિદ્યાલયમાં ગાંધી વિચાર ગોષ્ઠી

શ્રી જય પ્રકાશ વિદ્યાલય સેકટર-૨૬માં ગાંધી મિત્ર વર્તુળ દ્વારા સીનીયર સીટીઝન કાઉન્સીલના પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરાણી તથા સોમાભાઈ પરમાર અને નિવૃત્ત નાગરિકોની ઉપસ્થિતિમાં ગાંધી વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ભાનુભાઈ પુરાણીએ ગાંધી જીવન પ્રસંગોનું રસપાન કરાવ્યું હતું. વિદ્યાર્થીના વ્યકિતત્વ તથા ચારિત્ર્ય ઘડતરમાં ગાંધી વિચારોની મહત્તા સમજાવી શાળાના તમામ વિદ્યાર્થીઓને ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથાના પુસ્તકો આપેલ હતા. શ્રી શંકરસિંહ વિહોલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. શ્રી શરદભાઈ પટેલે આભારદર્શન કર્યું હતું.

## વડોદરામાં દારૂ ગાળવાનો ૪૦૦ લી. વોશ ઝડપાયો આરોપીઓ ફરાર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામમાંથી દારૂ ગાળવાનો ૪૦૦ લીટર વોશ પકડી પાડવામાં આવ્યો હતો. વડોદરા ગામમાં રહેતા વિહાજી અમાજી અને સોમાજી દોલાજી પોતાના ઘરના પાછળના ભાગમાં દારૂ ગાળવાની પ્રવૃત્તિ કરી રહ્યા હતા. ડભોડા પોલીસ સ્ટેશનના પી.જે. સોલંકીની ટીમે બાતમીના આધારે દરોડો પાડયો હતો. જેમાં પોલીસને સ્થળ પરથી પ્લાસ્ટીકના પીપમાં ભરેલો ૪૦૦ લીટર વોશ કિંમત આશરે રૂ.૧૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસની રેડની જાણ થઈ જતા બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે બંને આરોપીઓ સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી ફરાર આરોપીઓની તપાસ હાથ ધરી છે.

## સ્પષ્ટીકરણ

ગાંધીનગર, તા. ૨૪

વિસનગર ખાતે પાટીદાર અનામત રેલીમાં માણસાના પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર નહિ પણ વિસનગર શહેર ઉપપ્રમુખ બાબુજી ઠાકોર હતા. પૂર્વ ધારાસભ્યએ ગાંધીનગર સમાચારને જણાવ્યું હતું કે હુ ઋષિકેશભાઈ પટેલને મળવા ગયો ન હતો.

# બી કોમ સહિત કોર્સ બેઠક માટે આજથી પીન વિતરણ

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોમર્સ કોલેજોમાં ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમિશનના ત્રણ રાઉન્ડ પુરા થયા છતાં હજુ સુધી બેઠકો ભરાતી નથી અને પ્રવેશ પ્રક્રિયા પૂરું થવાનું નામ લેતી નથી. હવે આવતીકાલથી જે વિદ્યાર્થીઓ પ્રવેશ માટે ફોર્મ જ ભર્યા નથી. તેમના માટે નવો રાઉન્ડ શરૂ કરવાનું નક્કી કરાયું છે. જો કે, આ કાર્યવાહી પછી પણ ખાલી પડનારી બેઠકો માટે શુ કરવું તેની હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીમીં કોમર્સ સહિતના પાંચ કોર્સ માટે ઓનલાઈન એડમિશન સિસ્ટમ દાખલ કરવામાં આવ્યા પછી પહેલા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને કોલેજ ફાળવણી કરવામાં આવી તેઓએ અભ્યાસ શરૂ કરી દીધો છે. પરંતુ જેમને પ્રવેશ મળ્યો નથી તેવા અનેક વિદ્યાર્થીઓ હાલ પણ નવી કાર્યવાહીની રાહ જોઈ રહ્યા છે. સૂત્રોનાં જણાવ્યા મુજબ પ્રથમ રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી બાદ અંદાજે ૬ હજાર જેટલી બેઠકો ખાલી પડી હતી. આ ખાલી બેઠકો માટે ગત તા. ૨૧ અને ૨૨ એમ બે દિવસ જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા પછી પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી તેમને તક આપવામાં આવી હતી. જેમાં ખાલી પડેલી બેઠકો પૈકી ૧ હજાર જેટલા વિદ્યાર્થીઓએ જુદી જુદી કોલેજોમાં પ્રવેશ મેળવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. આમ છતાં અંદાજે ૫ હજાર જેટલી બેઠકો ખાલી પડી છે. બીજી બાજુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી પૂરક પરીક્ષાનું પરીણામ આવતીકાલે જાહેર થશે. ત્યારબાદ આ પરીક્ષામાં પાસ થનારા તમામ વિદ્યાર્થીઓ ઉપરાંત જે વિદ્યાર્થીઓ પ્રવેશ વંચિત રહ્યા છે. તેમના માટે નવો રાઉન્ડ કરવામાં આવશે. આ વધારાના ઓનલાઈન રાઉન્ડ માટે વિદ્યાર્થીઓ નવેસરથી પીનનંબર મેળવીને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. અગાઉ જે પ્રમાણે પહેલા રાઉન્ડમાં કાર્યવાહી થઈ હતી તે પ્રમાણે પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓ અને જેઓ પ્રવેશ વંચિત રહ્યા છે તેમના માટે કાર્યવાહી થઈ હતી તે પ્રમાણે પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓ અને જેઓ પ્રવેશ વંચિત રહ્યા છે. તેમના માટે કાર્યવાહી કરાશે. જે વિદ્યાર્થીઓએ કોઈપણ જગ્યાએ ફોર્મ ભર્યું નથી તેઓ પણ આ રાઉન્ડમાં ભાગ લઈ શકશે.